જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૭/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૯૦૨/૧૪**

**યુવાન અને સુંદર દેખાવડી છોકરીઓને બિભત્સ મેસેજ અને કોલ કરી હેરાન કરતો સેકસ મેનીયાક ક્રાઇમ બ્રાન્ચની ઝપટમા**

સંયુક્ત પોલીસ કમિશનશ્રી ક્રાઈમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઈમ બ્રાન્ચનાઓની સુચના હેઠળ અને મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ સેલ અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એચ.એ.રાઠોડ સાહેબનાઓની સુચનાથી જે.એમ.જાડેજા પો.સ.ઈન્સ. નાઓએ અમદાવાદ શહેરમાં સારા ઘરની છોકરીઓને ફોન તથા મેસેજ કરી મિત્રતાની લાલચ આપી તથા બિભત્સ માંગણીઓ કરતા ઈસમ પ્રકાશ સ/ઓ રામઅવતાર શર્મા ઉ.વ.૨૨ રહેવાસી હાલ:- હલુભાઈ દેસાઈના મકાનમાં લીબર્ટીભગતના છાપરા સ્વસ્તિક ચાર રસ્તા પાસે નવરંગપુરા અ’વાદ મુળ રહે. બાસવાડા રાજસ્થાન નાને પકડી પાડેલ છે અને તેની પાસેથી પાંચ મો.ફોન ત્થા આઠ સીમકાર્ડ તથા તેને મેળવવા માટે વાપરેલ ડુપ્લીકેટ ઈલેક્શન કાર્ડ તથા ડ્રાઈવીંગ લાયસન્સની ઝેરોક્ષ નકલો તથા લેપટોપ કબજે કરેલ છે.

ક્રાઈમ બ્રાન્ચ ખાતે દાખલ થયેલ ફરીયાદમાં ફરીયાદી એક પ્રતિષ્ઠીત જાગૃત મહિલા હોય આ ઈસમ નોકરી મેળવવા ગયેલ અને તેઓએ નોકરીની ના પાડેલ જે બાબતની અદાવત ધ્યાને રાખી બિભત્સ મેસેજ કરેલ અને આ નંબર રાજસ્થાન બાંસવાડાનો હોવાનું જાણવા મળેલ જે ઈસમની રાજસ્થાન બાંસવાડા ખાતે ટીમ મોકલી તપાસ કરાવતા મળી આવેલ નહી અને જે મો.નંબરથી ફરીયાદી બેનને ફોન કરવામાં આવેલ તે સીમકાર્ડ પણ બંધ કરી દીધેલ અને આ ડોક્યુમેન્ટ ઉપર તેણે અન્ય ડમીકાર્ડ પણ લીધેલ હતા.

સદર ઈસમ બ્રાઉન્ડ એન્ડ હેપ્પી તથા ચોકોડેન તથા બેકર્સ પોઈન્ટ ખાતે કેક તથા બેકરી બનાવવાની નોકરી કરતો હતો અને સદર જગ્યાએ જે છોકરીઓ કેક નો ઓર્ડર આપતી તેઓનો મો.નંબર મેળવી આ નંબર ઉપર ડમી નંબરથી મિત્રતાની લાલચ આપતા મેસેજ કરતો અને જો છોકરીએઓ સામેથી જવાબ ન આપે તો બિભત્સ માંગણી કરતા મેસેજ તથા ફોન કરતો આ ઉપરાંત આ ઈસમ તેની કહેવાતી પત્ની સાથે રહેતો હોય આ કહેવાતી પત્ની જુદીજુદી હોસ્પીટલમાં નર્સ તરીકે નોકરી કરતી હોય તેના મોબાઈલમાંથી તેની જાણ બહાર બીજી સ્ટાફ નર્સના નંબર લઈ તેને પણ બિભત્સ મેસેજ તથા ફોન કરેલ જે બાબતની કબુલાત આ ઈસમ કરે છે અને તપાસમાં લીધેલ કોલડીટેલ્સમાં આ બાબતની પુષ્ટી થાય છે અને સદર ઈસમના પિતા રાજસ્થાન

ખાતે બી.એસ.એન.એલ માં નોકરી કરે છે આ ઈસમ પાસે મળેલ અન્ય બીજા સીમકાર્ડની વિગતો મંગાવી આગળની વધું તપાસ હાથ ધરેલ છે.

**<u>ગુજરાત રાજય ના ધાનેરા શહેરથી ઘરફોડ ચોરી કરેલ વોડાફોન ની રીચાર્જ કુપનો વેચાણ કરવા આવતાં આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ઉચ્ચ પોલીસ અધિકારી શ્રી ઓ તથા પોલીસ ઇન્સ શ્રી જે.એચ.સરવૈયા નાઓની સુચનાથી પોલીસ સબ ઇન્સ શ્રી વી.એચ.જાડેજા તથા પો.સબ ઇન્સ શ્રી સી.બી,.ગામિત તથા ટીમના માણસો અમદાવાદ શહેર માં કાયદો અને વ્યવસ્થા જાળવણી સારૂ પેટ્રોલીંગમાં નીકળેલ હતા દરમ્યાન ફરતા ફરતા રામદેવનગર ચાર રસ્તા ખાતે આવતાં સાથેના હેડ.કોન્સ ભગવાનભાઇ મસાભાઇ તથા હેડ.કોન્સ કિરીટસિહ હરીસિહ નાઓને મળેલ બાતમી આધારે રામદેવનગર ચાર રસ્તા ખાતેથી આસીફ @ સુમરા સ/ઓ રસુલભાઇ મુસલા ઉ.વ.૧૯ રહે, સુપર માર્કેટ પાછળ લાધાપુરા ધાનેરા શહેર તા.ધાનેરા જી.બનાસકાંઠા ને અટકાવી તપાસ કરતાં તેની પાસેથી વોડાફોન ફોન કંપનીની રૂ.૭૦ ના દરની કુપન નંગ-૧૧૬૬ તથા રૂ.૧૭ ના દરની કુપન નંગ-૧૩૫૦ તથા રૂ. ૦૫ ના દરની કુપન નંગ-૫૨૫૦ મળી કુલ્લે રૂ.૧,૩૦,૮૨૦/ ની મત્તાની કુપનો મળી આવેલ જે અંગે પકડાયેલ ઇસમને વિશ્વાસમાં લઇ પુછપરછ કરતાં તે તથા આકાશ વણકર રહે, ડીસા બંન્ને મળી આજથી દોઢ-બે માસ પહેલાં ધાનેરા શહેરમાં ઇન્દ્રપ્રસ્થ શોપિંગ સેન્ટર માં આવેલ બાબા રામદેવ સેલ્સ એજન્સી નામની દુકાનનુ તાળુ તોડી શટર ઉંચુ કરી તેમાંથી વોડાફોન કંપનીની જુદ્દાજુદા દરની રીચાર્જ કુપનો તથા કોમ્પ્યુટર નુ સી.પી.યુ. તથા ડોંગલ ડેટાકાર્ડ વિગેરેની ચોરી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જે સબંધે તપાસ કરતાં ધાનેરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૫૨/૧૪ ઇ.પી.કો.કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોવાની હકીકત જણાય આવેલ છે. મજકુર ઇસમે અન્ય ચોરીઓ કરેલ હોવાની શંકા જતી હોય તે દિશામાં હાલ તપાસ જારી છે.

**એકલવ્ય સોફટવેર દ્વારા વાહન ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલાયો "ખોટા નંબર ઉપર વાહન ફેરવતો વાહન ચોર" ક્રાઇમ બ્રાન્ચના હાથે ઝડપાયો**

તાજેતરમાં ક્રાઇમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલાનાઓના સિધા માર્ગદર્શન હેઠળ ક્રાઇમ બ્રાન્ચના પોલીસ કર્મચારી પોલીસ કોન્સ્ટેબલ દિલીપભાઇ ઠાકોરના દ્વારા એકલવ્ય સોફટવેર વિકસાવવામાં આવેલ અને આ સોફટવેર ક્રાઇમ બ્રાન્ચના તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓના એન્ડ્રોયડ મોબાઇલ ફોનમાં કાર્યરત કરવામાં આવેલ જે અનુસંધાને ઉપરી અધિકારીઓની સુચના મુજબ પોલીસ સબ ઇન્સ્પેકટર જે.એન.ઝાલા તથા સ્કવોડના માણસો વટવા વિસ્તારમાં પેટ્રોલીંગ ફરી વાહન ચેકીંગની કાર્યવાહી કરતા હતા આ દરમ્યાન સાથેના પો.કો. અમિત જીસાહેબ નાઓને એક વાહન ચાલકના મોટર સાયકલ ઉપર લખેલ નંબર બાબતે શંકા જતા તેઓએ

તુરતજ પોતાની પાસેના એકલવ્ય સોફટવેરના માધ્યમથી આ નંબર ચકાસતા વાહન ચાલકના કબ્જાના હિરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલની નંબર પ્લેટ ઉપર લખેલ નં. GJ-01-ME-9954 નો એનફીલ્ડ બુલેટ મોટર સાયકલનો નંબર હોવાનું જનાતા તુરત જ પો.સ.ઇ. જે.એન.ઝાલા નાઓએ વાહન ધારક પ્રકાશભાઇ ગોપાલભાઇ ચુનારા ઉવ.૨૦ રહે.ખોડિયાર માતાની વાવ સામે, આદિવાસીના છાપરા વટવા ગામ અમદાવાદના કબ્જાનું GJ-01-ME-9954 મોટર સાયકલ કિ.રૂ.૩૦,૦૦૦/- નું ગણી CRPC ૧૦૨ મુજબ કબ્જે કરી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે આ બાબતે પ્રકાશભાઇ ચુનારાની ઘનિષ્ઠ પુછપરછ કરતાં આ વાહન તેણે અઢીએક વર્ષ પહેલા ઓઢવ વિસ્તારમાંથી ચોરી કરી લાવેલ હતો અને તેનો મુળ નંબર બદલી ડુપ્લીકેટ નંબર લગાવેલ હોવાની કબુલાત કરેલ છે. આ મોટર સાયકલ બાબતે ઓઢવ પો.સ્ટે.માં ફ.ગુ.ર.નં.૬૮૪/૨૦૧૧ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. આ બાબતની વધુ કાર્યવાહી સારુ ઓઢવ પો.સ્ટે.ને જાણ કરવામાં આવેલ છે.

<u>વટવા પો.સ્ટે.</u>

વટવા પોસ્ટે ફ.ગુ.ર.નં નં ૨૧૩/૧૪ ધી.ઇ.પી.કો.કલમ ૪૫૭.૩૮૦,૧૧૪ મુજબના કામના આરોપીઓ (૧) મુકેશ ઉર્ફે બલ્લી સ/ઓ પખીભાઇ ચુનારા ઉવ-૨૪ રહે- ઇન્દીરાનગર શાહવાડી નારોલ અ'વાદ તથા (૨) જયપ્રકાશ ઉર્ફે જેપી સ/ઓ વાસુદેવ યાદવ રહે- શાહવાડી નારોલ વોટર ડીસ્ટ્રીબ્યુશન ની રૂમમાં અ'વાદ નાઓને અત્રેના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી જે.બી.બુબડીયા નાઓએ તા.૨૨.૭.૧૪ ના કલાક ૨૧.૪૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.